# જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

## Organised Markets

તારીખ : ૧૪/૦૯/૨૦૧૯ બેઠક નંબર :.........

સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦ કુલ ગુણ : ૩૫

---

**૧.** નિયંત્રિત બજાર એટલે શું ? નિયંત્રિત બજારના લાભો અને ગેરલાભોની ચર્ચા કરો. **(૧૦)**

**અથવા**

**૧.** પ્રણામીકરણ અને વર્ગીકરણ વચ્ચે શું તફાવત છે ? પ્રણામીકરણના લાભ અને ગેરલાભની ચર્ચા કરો. **(૧૦)**

**૨.** આર્થિક ઉદારીકરણનો ભારતના શેરબજાર ઉપર પ્રભાવ સમજાવો. **(૧૦)**

**અથવા**

**૨.** સટ્ટો એટલે શું ? સટ્ટાના લાભા લાભની ચર્ચા કરો. **(૧૦)**

**૩.** **ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે)** **(૧૫)**

૧. ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો સંગઠીત બજાર પર પ્રભાવ

૨. ઓવર ધી કાઉન્ટર એકસચેંજ ઓફ ઈન્ડિયા

૩. મુંબઈ શેરબજાર

૪. શાખ મૂલ્યાંકન કરતી સંસ્થાઓ

JDV

♣♣♣

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૯

એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

નાણાંકીય સંચાલન - ૧

તારીખ : ૧૬/૦૯/૨૦૧૯ બેઠક નંબર :.........

સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦ કુલ ગુણ : ૩૫

---

**૧.(અ)** ભારતીય નાણાંકીયતંત્ર વ્યવસ્થાના કાર્યો જણાવો. **(૦૬)**

**૧.(બ)** જોખમ સંચાલનનું કાર્યક્ષેત્ર સમજાવો. **(૦૭)**

**અથવા**

**૧.(અ)** હકકના શેરના લક્ષણોની લખી તેને બહાર પાડવાની વિધિ સમજાવો. **(૦૬)**

**૧.(બ)** જાહેર ભરણાંની વિધિ ટૂંકમાં સમજાવો. **(૦૭)**

**૨.(અ)** આર્થિક વરદી જથ્થો સમજાવો. **(૦૬)**

**૨.(બ)** રોકડ જરૂરીયાતને કયા પરિબળો અસર કરે છે ? ચર્ચા કરો. **(૦૬)**

**અથવા**

**૨.(અ)** અબક વિશ્લેષણ સમજાવો. **(૦૬)**

**૨.(બ)** કિંમત ચૂકવણીની શરતો સમજાવો. **(૦૬)**

**૩.** **ટૂંકનોંધ લખો : (કોઈ પણ એક)** **(૧૦)**

૧. વિશ્વ બેંકના કાર્યો

૨. રોકડ બજેટના લાભો

૩. નાણાં બજારના સાધનો

♣♣♣

SM

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

## આંતરિક કસોટી - ૨૦૧૯

## એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

## વ્યૂહાત્મક સંચાલન

તારીખ : ૧૭/૦૯/૨૦૧૯ — બેઠક નંબર :.........

સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦ — કુલ ગુણ : ૩૫

---

**૧.(અ)** ધંધાકીય પર્યાવરણીય વિશ્લેષણ એટલે શું ? તેની પ્રક્રિયા વર્ણવો. **(૦૬)**

**૧.(બ)** SWOT વિશ્લેષણ સમજાવો. **(૦૬)**

**અથવા**

**૧.** વ્યવસ્થાતંત્રીય સક્ષમતા એટલે શું ? તેને અસર કરતાં પરિબળો જણાવી ગમે તે ત્રણ સમજાવો. **(૧૨)**

**૨.(અ)** પેદાશ-સેવાની ગુણવતાને લગતી વ્યૂહરચના સમજાવો. **(૦૫)**

**૨.(બ)** માનવ સંસાધનના સંદર્ભમાં - **(૦૬)**

૧. કર્મચારીની જાળવણી અને

૨. કર્મચારીની ગતિશીલતા સમજાવો.

**અથવા**

**૨.(અ)** મૂડીકરણનો સિધ્ધાંત સમજાવો. **(૦૫)**

**૨.(બ)** અભિવૃધ્ધિના ઘટકોની ચર્ચા કરો. **(૦૬)**

**૩.** **ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે)** **(૧૨)**

૧. ટેકનોલોજીકલ પર્યાવરણીય પરિબળ

૨. અજોડ સામર્થ્ય

૩. કમાણીના સંચાલનને લગતી વ્યૂહરચના

૪. વ્યવસ્થાતંત્રીય સમીક્ષાને અસર કરતાં પરિબળો

NST

૫. ઔદ્યોગિક સંબંધો

♣♣♣

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલેજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૯

એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

# Financial & Management & Accountancy - VII

તારીખ : ૧૮/૦૯/૨૦૧૯ બેઠક નંબર :.........

સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦ કુલ ગુણ : ૩૫

---

૧. અનમોલ કંપની પાસે બે દરખાસ્તો છે (૧) નવું યંત્ર ખરીદવું (૨) જૂનું યંત્ર ચાલુ રાખવું, નીચેની વિગતો અને દરખાતોને લગતી છે. તેનો આધારે ઉત્તમ લાભદાયી દરખાસ્ત નકકી કરવા માટે જરૂરી પત્રકો તૈયાર કરો. **(૧૨)**

| વિગતો | નવું મશીન રૂા. | જૂનું મશીન રૂા. |
|---|---|---|
| ચોપડે કિંમત / ખરીદ કિંમત | ૪,૨૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| ચલિત ખર્ચા નંગદીઠ | ૮૧ | ૧૦૦ |
| સ્થિર ખર્ચા વાર્ષિક | ૫૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| સમાર કામ ખર્ચા, માસિક | - | ૧૦,૦૦૦ |
| એક્ષચેઈજનું વળતર | - | ૧,૦૫,૦૦૦ |
| ઉપયોગી આયુષ્ય વર્ષમાં | ૧૦ | ૧૦ |
| ભંગાર કિંમત | ૨૦,૦૦૦ | - |
| કરવેરાનો દર | ૫૦% | ૫૦% |
| વાર્ષિક અપેક્ષિત માંગ (નંગમાં) | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| રૂા. ૧ નું ૧૨% ના દરે ૯ વર્ષની એન્યુઈટી | - | ૫.૩૨૮ |
| રૂા. ૧ નું ૧૨% ના દરે ૧૦ વર્ષે વર્તમાન મૂલ્ય | - | ૦.૩૧૯ |

**અથવા**

૧. ભાર્ગવ લિ. નીચેના યંત્રમાંથી ગમે તે એકની ખરીદી કરવાનું વિચારે છે :

| વર્ષને અંતે બાહય | રોકડ પ્રવાહ | યંત્ર A | યંત્ર B |
|---|---|---|---|
| વર્ષ | ૦ | રૂા. ૨,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ |
| વર્ષ | ૧ | - | - |
| વર્ષ | ૨ | રૂા. ૨૪,૦૦૦ | - |
| વર્ષ | ૩ | - | ૨૦,૦૦૦ |
| કમાણી (ઘસારો – કરવેરા પહેલાંની) | | | |
| વર્ષ | ૧ | રૂા. ૮૦,૦૦૦ | ૫૪,૦૦૦ |
| વર્ષ | ૨ | રૂા. ૯૦,૦૦૦ | ૭૪,૦૦૦ |
| વર્ષ | ૩ | રૂા. ૧,૦૮,૦૦૦ | ૯૨,૦૦૦ |
| વર્ષ | ૪ | રૂા. ૧,૨૦,૦૦૦ | ૬૨,૦૦૦ |
| વર્ષ | ૫ | રૂા. ૮૯,૨૦૦ | ૯૪,૦૦૦ |
| અંદાજી આયુષ્ય | | ૫ વર્ષ | ૫ વર્ષ |
| કંપની આવકવેરો | | ૫૦% | ૫૦% |
| મૂલ્યાંકન માટે લેવાયેલ કટ ઓફ દર | | ૧૨% | ૧૨% |

કંપની સીધી લીટીની પદ્ધતિએ ઘસારાની નીતિ અપનાવે છે.

(૧) પરત આપ સમય (૨) પરત આપ નફાકારકતાનો સૂચક આંક (૩) હિસાબી વળતર દર અને (૪) ચોખ્ખા વર્તમાન મૂલ્ય પદ્ધતિ અનુસાર દરેક યંત્ર માટે ક્રમાંક આપો અને કયા યંત્રની ખરીદી માટે ભલામણ કરશો ?

**૨.** કંપનીના ચોપડામાંથી નીચે મુજબની માહિતી મળી છે : **(૧૧)**

હાલનું વેચાણ ૭૫,૦૦,૦૦૦
સ બિંદુ એ વેચાણ ૫૦,૦૦,૦૦૦
સલામતી ગાળો ૨૫,૦૦,૦૦૦ (33.33%)
સ્થિર ખર્ચ ૨૦,૦૦,૦૦૦
એ દીઠ વે. કિ. ૨૫ રૂા.
એ દીઠ ચ. ખર્ચ ૧૫ રૂા.

કંપનીએ સલામતી ગાળો વધારીને ૪૦% કરવાનો હોય તો,

(૧) ચલિત ખર્ચમાં એ દીઠ ઘટાડો શોધો. (નવો એ. દીઠ ચ ખર્ચ પણ શોધો)
(૨) નવી વે કિ શોધો.
(૩) નવો સ્થિરખર્ચ શોધો.
દરેક વિકલ્પ એકબીજાથી સ્વતંત્ર છે.

**અથવા**

**૨.** એક કંપની બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે. જેને લગતી માહિતી નીચે મુજબ છે :

| વિગત | x | y |
|---|---|---|
| વે. કિં. | ૧૪૫ | ૯૮ |
| પ્રત્યક્ષ માલ સમાન | ૫૦ | ૪૦ |
| પ્રત્યક્ષ મજૂરના કલાકો (કલાકનો મજુરી દર ૧ રૂા.) | ૨૫ કલાક | ૧૦ કલાક |
| ચલિત પરોક્ષ ખર્ચ | પ્ર. મજુરી પર ૮૦% | પ્ર. મજુરીના ૮૦% |

સ્થિર ખર્ચા ૫૦૦૦ રૂા.

કામદારોની અછત હોય તેવા સંજોગોમાં કઈ વસ્તુનું ઉત્પાદન વધુ નફાકારક ગણા જો કારખાના ઉત્પાદન શકિત ૧૦૦૦ x ના એકમો અને ૨૦૦૦ y ના એકમો હોય તથા મળી શકતા કામદાર કલાકો ૪૦,૦૦૦ હોય તો બંનેનું કેટલું ઉત્પાદન કરવું કે જેથી વધુમાં વધુ નફો પ્રાપ્ત થાય ? કુલ નફો શોધો.

**3.** **ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **(૧૨)**

૧. સલામતીનો ગાળો
૨. સમતૂટ વિશ્લેષણની ઉપયોગીતા
૩. મૂડી બજેટના તબકકા
૪. રોકાણ પરત મુદત

BNP - SJ

♣♣♣

## જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઇ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

### આંતરિક કસોટી - ૨૦૧૯

### એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

# Financial & Management & Accountancy - VIII

તારીખ : ૧૯/૦૯/૨૦૧૯   બેઠક નંબર :.........

સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦   કુલ ગુણ : ૩૫

---

**૧.** તા. ૩૧-૩-૨૦૧૮ નાં રોજનું આકાશ લિ. નું પાકુ સરવૈયું નીચે મુજબ છે. **(૧૨)**

આકાશ લિ. નું તા. ૩૧-૩-૨૦૧૮ ના રોજનું પાકું સરવૈયું

| વિગત | નોંધ નંબર | રૂા. |
|---|---|---|
| ૧. ઈક્વિટી અને દેવાં | | |
| (૧) શેર હોલ્ડરોનાં ભંડોળો : | | |
| (અ) શેરમૂડી | (૧) | ૮૦,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો | (૨) | ૮૦,૦૦,૦૦૦ |
| (ક) શેર વોરંટ સામે મળેલાં નાણાં | | - |
| (૨) શેર અરજીનાં ચૂકવવાનાં બાકી નાણાં | | - |
| (૩) બિન-ચાલુ જવાબદારી : | | |
| (અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં | (૩) | ૪૦,૦૦,૦૦૦ |
| (૪) ચાલુ જવાબદારી : | | |
| (અ) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં | | - |
| (બ) ચૂકવવાનાં બાકી દેવાં | | ૩૦,૦૦,૦૦૦ |
| કુલ | | ૨,૩૦,૦૦,૦૦૦ |
| ૨. મિલકતો | | |
| (૧) બિન-ચાલુ મિલકતો : | | |
| (અ) કાયમી મિલકતો | | |
| - દશ્ય મિલકતો | (૪) | ૯૮,૦૦,૦૦૦ |
| (બ) બિન-ચાલુ રોકાણો | | ૧૫,૦૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો : | | |
| (અ) ચાલુ રાકાણો | | - |
| (બ) માલસામગ્રી | | ૨૦,૦૦,૦૦૦ |
| (ક) મળવાનાં બાકી લેણાં | | ૫૦,૦૦,૦૦૦ |
| (ડ) રોકડ અને રોકડ સમકક્ષ | | ૪૭,૦૦,૦૦૦ |
| કુલ | | ૨,૩૦,૦૦,૦૦૦ |

હિસાબોની નોંધ :

| ૧. શેર મૂડી : | રૂા. | ૨. અનામત અને વધારો : | રૂા. |
|---|---|---|---|
| સત્તાવાર મૂડી | | સામાન્ય અનામત | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૦,૦૦,૦૦૦ ઈ. શેર દરેક રૂા. | | ન. નું. ખાતે | ૫૦,૦૦,૦૦૦ |
| ૧૦ નો | ૧,૦૦,૦૦,૦૦૦ | શેર પ્રીમીયમ | ૨૦,૦૦,૦૦૦ |
| બહાર પાડેલ અને ભરપાઈ | | | ૮૦,૦૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| થયેલ મૂડી -<br>૮,૦૦,૦૦૦ ઈ. શેર દરેક રૂા.<br>૧૦ નાં પૂરો ભરપાઈ | ૮૦,૦૦,૦૦૦ | ૪. કાયમી મિલકતો :<br>(અ) દશ્ય મિલકતો<br>જમીન-મકાન | ૪૦,૦૦,૦૦૦ |
| ૩.લાંબાગાળાનાં ઉછીના નાણાં : | | પ્લાન્ટ અને મશીન | ૩૬,૦૦,૦૦૦ |
| તારણવાળી લોન : | | ફર્નીચર | ૨૨,૦૦,૦૦૦ |
| ૧૨% નાં ડિબેન્ચર | ૨૦,૦૦,૦૦૦ | | ૯૮,૦૦,૦૦૦ |
| તારણ વગરની લોન | ૨૦,૦૦,૦૦૦ | | |
| | ૪૦,૦૦,૦૦૦ | | |

કંપનીએ શેર દીઠ રૂા. ૨૦ નાં ભાવે કાયદા મુજબ વધુમાં વધુ ઈકવિટી શેરની પુનઃ ખરીદી કરવાનું નકકી કર્યું.

જરૂરી આમનોંધ લખી શેર પુનઃ ખરીદી પછીનું પાકું સરવૈયું બનાવો.

**અથવા**

**૧.(અ)** કલર ટેક્ષટાઈલ લિ. એ ૨૦,૦૦૦ ઈ. શેર દરેક રૂા. ૧૦ નાં પૂરાં મંગાવેલા બહાર પાડયા. નીચેનાં નિર્ણયો કંપની દ્વારા લેવામાં આવ્યા : **(૦૬)**

(૧) જેનાં પર શેર દીઠ રૂા. ૫ ભરપાયેલા હતા એવાં ૧૦૦ શેર જપ્ત કર્યા અને શેર દીઠ રૂા. ૧૫ નાં પૂરાં ભરાયેલ ભાવે પુનઃ બહાર પાડયા.

(૨) દરેક ૪ ઈ. શેર ની સામે ૧ હક નો શેર, શેર દીઠ રૂા. ૧૫ પૂરા ભરાયેલાં કંપનીએ બહાર પાડયાં. કંપની પાસે જરૂરી સામાન્ય અનામત છે એમ ધરી ઉપરની વિગતોની આમનોંધ લખો.

**૧.(બ)** PVR કંપનીએ તા.૧-૪-૨૦૧૫ નાં રોજ ૨૦૦૦ શેર કર્મચારી સ્ટોક વિકલ્પ યોજના (ESOP) હેઠળ રૂા. ૭૫ શેરદીઠ નાં ભાવે મંજૂર કર્યા. (મૂળ કિંમત રૂા. ૧૦, બજાર કિંમત રૂા. ૧૬૫) કંપનીએ વિકલ્પ માટે સોંપણી સમયગાળો (Vesting Period) ૩ વર્ષ અને મહત્તમ પ્રયોગ / વપરાશ સમયગાળો (Maximum exercise period) ૧ વર્ષનો મંજૂર કર્યો. કર્મચારીઓએ બધા વપરાશ વિકલ્પો તા. ૩૦/૯/૨૦૧૮ નાં રોજ પસંદ (exercised) કર્યો. જરૂરી આમનોંધ લખો. **(૦૬)**

**૨.(અ)** નમ્રતા ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ તા. ૧ લી જાન્યુઆરી ૨૦૨૦ થી એક યોજના અમલમાં મુકવા માંગે છે. તે માટે જરૂરી કાર્યશીલ મૂડીની રકમ જાણવા માંગે છે. કંપનીનાં સંચાલકો પાસેથી તમને નીચે મુજબની માહિતી મળે છે : **(૦૮)**

વર્ષ ૨૦૨૦ દરમ્યાન ઉત્પાદન ૨,૦૦,૦૦૦ એકમોનું કરવું. ઉત્પાદનની પડતરની માહિતી વેચાણ સાથેની ટકાવારીમાં નીચે મુજબ છે.

| વિગત | ટકા |
|---|---|
| માલસામાન | ૫૦% |
| પ્રત્યક્ષ મજૂરી | ૨૦% |
| પરોક્ષ ખર્ચા | ૧૦% |

અન્ય માહિતી નીચે મુજબ છે :

૧. કાચો માલ ઉત્પાદન માટે આપવામાં આવે તે પહેલા સરેરાશ ૧ માસ માટે સ્ટોકમાં રહેશે.
૨. સરેરાશ ૨ માસ માટે તૈયારમાલનો સ્ટોક વેચાણ પહેલાં ગોડાઉનમાં રહેશે.
૩. ઉત્પાદનનું દરેક એકમ સરેરાશ -૧ માસ માટે ઉત્પાદાનની પ્રક્રિયામાં રહેશે.
૪. લેણદારો કાચામાલની ખરીદી અંગે ૧ માસની શાખ આપે છે.
૫. દેવાદારોને વેચાણ પછી ૨ માસની શાખ મુદત આપવામાં આવે છે.
૬. એકમદીઠ વેચાણ કિંમત રૂા. ૯ નકકી કરવામાં આવી છે.

૭. એમ ધારી લો કે ઉત્પાદન અને વેચાણચક્ર નિયમિત છે.
ઉપરોકત માહિતી પરથી વર્ષ ૨૦૨૦ માટે કાર્યશીલ મૂડીની જરૂરિયાત નકકી કરો.

**અથવા**

**૨.(અ)** સિધ્ધાર્થ કંપની લિમીટેડની નીચે આપેલી માહિતી પરથી વર્ષ ૨૦૨૦ માટેની કાર્યશીલ મૂડીની જરૂરિયાત દર્શાવતું પત્રક તૈયાર કરો. **(૦૮)**

| વિગત | રૂા. |
|---|---|
| માલસામાન (એકમ દીઠ) | ૨૪ |
| મજૂરી (એકમ દીઠ) | ૦૬ |
| પરોક્ષ ખર્ચા (એકમ દીઠ) | ૧૮ |
| કુલ ખર્ચા | ૪૮ |

| | |
|---|---|
| કુલ ખર્ચા | ૪૮ રૂા. |
| + નફો | ૧૨ રૂા. |
| વેચાણ કિંમત (એકમ દીઠ) | ૬૦ રૂા. |

અન્ય માહિતી :

૧. કંપની વાર્ષિક ૩૬,૦૦૦ એકમોનું ઉત્પાદન કરવા માંગે છે.
૨. કાચા માલની જરૂરિયાત - ૨ માસ
૩. કાચા માલ પર પ્રક્રિયાનો ગાળો - ૧/૨ માસ
૪. તૈયાર માલનો સ્ટોક સરેરાશ - ૨ માસ
૫. માલનાં લેણદારોને સરેરાશ ૨ માસની શાખમુદત આપવામાં આવે છે.
૬. દેવાદારોને ૩ માસની શાખમુદત આપવામાં આવે છે.
૭. મજૂરી ચૂકવણીનો સમયગાળો - ૧/૨ માસનો છે.
૮. રોકડ અને બેંકસિલક રૂા. ૧૪,૦૦૦ રહેશે.

**૨.(બ)** નિધિ કંપની લિ. ની નીચે આપેલી માહિતી પરથી આર્થિક વરદી જથ્થાની ગણતરી કરો. વર્ષમાં કેટલી વખત ઓર્ડર મુકવા પડશે તે જણાવો. **(૦૩)**
માસિક વપરાશ ૧૨૦૦ એકમો, દરેક વરદી મૂકવાનો ખર્ચ રૂા. ૨૨૫ અને એકમદીઠ વાર્ષિક વહન ખર્ચ રૂા ૩૯.

**અથવા**

**૨.(બ)** પાર્થ કંપની લિ. ની નીચે આપેલી માહિતી પરથી માલસામાન ફેરબદલી દર અને ફેરબદલી મુદત શોધો. **(૦૩)**

| વિગત | રૂા. |
|---|---|
| શરૂનો સ્ટોક | ૨,૪૦,૦૦૦ |
| છેવટનો સ્ટોક | ૧,૬૮,૦૦૦ |
| ખરીદી | ૭,૯૦,૦૦૦ |

સામાન્ય રીતે સ્ટોકાનું મૂલ્યાંકન મૂ. કિ. + ૨૦% પ્રમાણે થાય છે.

**(૧૨)**

**૩.** **ટૂંકનોંધ લખો. (કોઈ પણ બે)**

૧. શેરની પુનઃ ખરીદી અંગે કંપનીધારા-૨૦૧૩ની કલમ-૬૮ ની જોગવાઈઓ
૨. હિસાબી ધોરણ - ૧૦
૩. કાર્યશીલ મૂડીનાં પ્રાપ્તિસ્થાનો
૪. કાર્યશીલ મૂડીની લાક્ષણિકતાઓ

CCS-RM

♣♣♣

જે. ઝેડ. શાહ આર્ટ્સ ઍન્ડ એચ. પી. દેસાઈ કૉમર્સ કૉલજ અમરોલી, સુરત

આંતરિક કસોટી - ૨૦૧૯

એમ. કોમ. સેમેસ્ટર –૩ (ગુ.મા.)

# Financial & Management & Accountancy - IX

**તારીખ : ૨૦/૦૯/૨૦૧૯** **બેઠક નંબર :.........**

**સમય : ૧૧:૦૦ થી ૧૨:૩૦** **કુલ ગુણ : ૩૫**

---

**૧.** વસ્તુ X ઉત્પાદન થતા પહેલા પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે. દરેક પ્રક્રિયાનું ઉત્પાદન બીજી પ્રક્રિયામાં ફેરબદલી કરતી વખતે ફેરબદલી કિંમત ઉપર ૨૦% નફો મળે તે રીતે ફેરબદલ કરવામાં આવે છે. પ્રક્રિયા C નો તૈયાર માલ, તૈયાર માલ સ્ટોકમાં રૂપાંતરિત કરતા પહેલા પણ આજ રીત અપનાવવામાં આવ છે. ડિસેમ્બર ૨૦૧૮ માં કોઈપણ પ્રક્રિયામાં અર્ધતૈયાર માલ ન હતો. નીચેની માહિતી પ્રાપ્ત થઈ શકી છે. **(૧૩)**

| વિગત | પ્રક્રિયા A | પ્રક્રિયા B | પ્રક્રિયા C |
|---|---|---|---|
| પ્રાથમિક પડતર (રૂા) | ૧૨,૦૦,૦૦૦ | ૨૧,૬૦,૦૦૦ | ૨૯,૨૮,૦૦૦ |
| માલની પડતર / છેવટનો સ્ટોક (ગુણોત્તર) | ૨:૧ | ૫:૩ | ૧:૨.૪૪ |
| મજૂરી / માલની પડતર (ગુણોત્તર) | ૩:૨ | ૨:૩ | ૪:૧ |

કુલ ન વેચાયેલ તૈયાર માલ / પ્રક્રિયા A નો કુલ તૈયાર માલ (ગુણોત્તર) ૨ : ૧

કુલ વેચાણ / કુલ તૈયાર માલનો છેવટનો સ્ટોક (ગુણોત્તર) ૯ : ૧

પ્રક્રિયાનાં ખાતાઓ તૈયાર કરો અને નહિ પ્રાપ્ત થયેલ નફાનું અનામતની ગણતરી કરો.

**અથવા**

**૧.** નીચે આપેલી માહિતી પરથી તૈયાર કરો. **(૧૩)**

૧. પૂર્ણ એકમો દર્શાવતું પત્રક

૨. પડતરનું પત્રક

૩. મૂલ્યાંકન પત્રક

૪. પ્રક્રિયા-૨ ખાતું

૫. અસામાન્ય બગાડ ખાતું

શરૂઆતનો સ્ટોક : ૨,૦૦૦ એકમો રૂા. ૧૨ એકમદીઠ

પૂર્ણતાની કક્ષા : માલસામાન ૬૦%, મજૂરી ૪૦%, પરોક્ષ ખર્ચા ૪૦%

પ્રક્રિયા-૧ માંથી ફેરબદલી કરેલ : ૩૦,૦૦૦ એકમો, પડતર રૂા. ૮૭,૨૫૦/-

બીજી પ્રક્રિયા ખાતે ફેરબદલી : ૨૪,૨૫૦ એકમો

ભંગારનાં એકમો : ૩૨૫૦ એકમો

સામાન્ય બગાડ = ૧૦% (ઉત્પાદનનાં)

છેવટનો સ્ટોક = ૪૫૦૦ એકમો

ભંગારના એકમોની પૂર્ણતાની કક્ષા = માલસામાન ૧૦૦%,

મજૂરી ૫૦%, પરોક્ષ ખર્ચા ૫૦%

છેવટના સ્ટોકની પૂર્ણતાની કક્ષા = માલાસામાન ૬૦%, મજૂરી ૫૦%, પરોક્ષ ખર્ચા ૫૦%

ભંગારની ઉપજ એકમ દીઠ રૂા. ૨ છે.

અન્ય માહિતી : વપરાયેલ માલમાસાન રૂા. ૫૨,૫૦૦

મજૂરી ખર્ચા રૂા. ૧,૦૩,૮૦૦

શિરોપરી ખર્ચા રૂા. ૭૭,૮૫૦

**૨.** સ્ટાર કંપની લિમીટેક ચાર ઉત્પાદન A, B, C, અને D નું ઉત્પાદન અને વેચાણ કરે છે. આ ઉત્પાદન સમાન અને સામાન્ય રીતે ૧૦ એકમોનું ઉત્પાદન થાય છે અને બેચ દીઠ ૫ એકમોનું વેચાણ થાય છે. આ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે. **(૧૨)**

| વિગત | A | B | C | D |
|---|---|---|---|---|
| ઉત્પાદન (એકમો) | ૧૫૦૦ | ૧૬૫૦ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| એકમ દીઠ પ્રત્યક્ષ માલસામાન | રૂા. ૬૦ | રૂા. ૮૦ | રૂા. ૭૦ | રૂા. ૯૦ |
| એકમ દીઠ પ્રત્યક્ષ મજૂરી | રૂા. ૫૦ | રૂા. ૬૦ | રૂા. ૬૦ | રૂા. ૮૦ |
| એકમ દીઠ મશીન કલાક | ૧૦ | ૮ | ૬ | ૮ |

આ સમયગાળા દરમિયાન ઉત્પાદન પરોક્ષ ખર્ચા નીચે મુજબ હતાં.

| વિગત | રૂા. |
|---|---|
| કારખાના ખર્ચ | ૬,૭૨,૬૦૦ |
| મેળવેલ માલસામાન અંગે ખર્ચ | ૨,૫૨,૬૦૦ |
| યંત્ર ગોઠવણી અંગે ખર્ચ | ૩,૬૦,૦૦૦ |
| ગુણવત્તા અંકુશ સંબંધિત ખર્ચ | ૧,૩૬,૮૦૦ |
| માલસામાન સંચાલન અને રવાનગી | ૨,૮૮,૦૦૦ |

આ પરોક્ષ ખર્ચાઓના ચાલક પરિબળ નીચે મુજબ છે.

| ખર્ચ | ચાલક પરિબળ |
|---|---|
| કારખાના ખર્ચ | મશીન કલાકો |
| મેળવેલ માલ અંગે ખર્ચ | કરેલ વિનંતી |
| યંત્ર ગોઠવણી અંગે ખર્ચ | ચાલેલ ઉત્પાદનની સંખ્યા |
| ગુણવત્તા અંકુશ સંબંધિત ખર્ચ | ચાલેલ ઉત્પાદનની સંખ્યા |
| માલસામાન સંચાલન અને રવાનગી | અમલમાં મૂકેલ ઓર્ડરની સંખ્યા |

માલસામાન પર કરેલ વિનંતીની સંખ્યા ૨૫ હતી (પ્રતિઉત્પાદન)

અમલમાં મૂકેલ ઓર્ડરની સંખ્યા ૧૪૪૦ હતી. દરેક ઓર્ડર ૫ એકમોની બેચમાં હતાં.

(૧) સમાવેશી પડતર મુજબ દરેક ઉત્પાદન માટે કુલ પડતર દર્શાવતું પત્રક તૈયાર કરો. એકમ દીઠ પડતર શોધો.

(૨) ABC મેથડ મુજબ દરેક ઉત્પાદન માટે કુલ પડતર દર્શાવતું પત્રક તૈયાર કરો. એકમ દીઠ પડતર શોધો.

**અથવા**

૨. ટાઈટન લિમીટેડ મુખ્ય ત્રણ ઉત્પાદન માટે સરખી ઉત્પાદન પદ્ધતિ અને સાધનોનો વ્યાપક ઉપયોગ કરે છે. વર્તમાન સમયમાં ટ્રેડિશનલ ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે ABC પદ્ધતિનો ઉપયોગ કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. ત્રણ ઉત્પાદન માટે જાન્યુઆરી ૨૦૧૮ ની માહિતી નીચે મુજબ છે. **(૧૨)**

| ઉત્પાદન | એકમદીઠ કલાકો મજૂર કલાકો | એકમદીઠ કલાકો મશીન કલાકો | એકમદીઠ માલસામાન | ઉત્પાદન જથ્થો |
|---|---|---|---|---|
| M | ૧.૦૦ | ૩.૦૦ | રૂા. ૪૦ | ૧૫૦૦ |
| N | ૩.૦૦ | ૨.૦૦ | રૂા. ૨૪ | ૨૫૦૦ |
| O | ૨.૦૦ | ૬.૦૦ | રૂા. ૫૦ | ૧૪૦૦૦ |

પ્રત્યક્ષ મજૂરી દર રૂા. ૬ કલાક દીઠ અને ઉત્પાદનના પરોક્ષ ખર્ચા મશીન કલાક દર આધારીત છે. આ સમયગાળા માટે દર રૂા. ૨૮ મશીન કલાક દીઠ છે.

વધુ વિશ્લેષણ કરતા કુલ ઉત્પાદન પરોક્ષ ખર્ચનું વર્ગીકરણ નીચે મુજબ હોય શકે છે.

| વિગત | ટકાવારી |
|---|---|
| વ્યવસ્થા, ગોઠવણી અંગે ખર્ચ | ૩૫% |
| યંત્ર સંબંધિત ખર્ચ | ૨૦% |
| માલ સામાન મેળવવા સંબંધિત ખર્ચ | ૧૫% |
| નિરીક્ષણ સંબંધિત ખર્ચ | ૩૦% |
| કુલ પરોક્ષ ખર્ચ | ૧૦૦% |

આ સમયગાળા માટે ઉત્પાદન શ્રેણી આથે સંકળાયેલ પ્રવૃતિઓની સંખ્યા નીચે મુજબ છે.

| ઉત્પાદન | વ્યવસ્થા ગોઠવણીની સંખ્યા | માલસામાન હેરફેરની સંખ્યા | નિરીક્ષણની સંખ્યા |
|---|---|---|---|
| M | ૧૫૦ | ૨૪ | ૩૦૦ |
| N | ૨૩૦ | ૪૨ | ૩૬૦ |
| O | ૯૬૦ | ૧૭૪ | ૧૩૪૦ |
| | ૧૩૪૦ | ૨૪૦ | ૨૦૦૦ |

(૧) ટ્રેડિશન મેથડ મુજબ કુલ પડતરની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો. તેમજ એકમ દીઠ

પડતર શોધો.

(૨) ABC મેથડ મુજબ કુલ પડતરની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો. તેમજ એકમ દીઠ પડતર શોધો.

**3. ટૂંકનોંધ લખો. (ગમે તે ત્રણ) (૧૦)**

૧. પ્રક્રિયા પડતરમાં પૂર્ણ એકમોની ગણતરી

૨. પ્રક્રિયા પડતરમાં ઘટ અને બગાડ

૩. ટ્રેડિશનલ મેથડ અને ABC મેથડ વચ્ચે તફાવત

૪. પ્રવૃતિ આધારિત પડતરનાં ફાયદા

૫. મૂલ્ય સાંકળ વિશ્લેષણનું મહત્ત્વ

NBR

♣♣♣